# Bachelor of Architecture અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઓનલાઈન પ્રવેશ Confirm કરાવવા બાબતે અગત્યની સૂચના

1. જે વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાનાં Login ID માંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. રોકડમાં ફી ભરવા માટે બેંક ચલણ પોતાના Login ID માંથી પ્રિન્ટ કરવાનું રહેશે.
2. જે વિદ્યાર્થીઓની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ બેંકમાં જવાની જરૂર નથી. આવા વિદ્યાર્થીઓએ પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા વિદ્યાર્થીઓ પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે વિદ્યાર્થીઓ **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં અને આવા વિદ્યાર્થીઓ ત્યારબાદનાં પ્રવેશનાં તબક્કામાં, જો કોઈ તબક્કો હાથ ધરવામાં આવે તો, તે જ બેઠક ઉપર પ્રવેશનાં હકદાર રહેશે નહીં.
3. બેઠક ફાળવાયેલ વિદ્યાર્થી નિયત તા. ૧૪-૦૮-૨૦૧૭ થા તા. ૧૮-૦૮-૨૦૧૭ સુધીમાં ફી જમા નહીં કરાવે તો તેઓને ફાળવાયેલ પ્રવેશ આપોઆપ રદ થશે. આવા વિદ્યાર્થીઓ ઓનલાઈન સંમતિ આપી રીશફલીંગ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે, પ્રથમ રાઉન્ડમાં ફાળવવામાં આવેલ પ્રવેશ કાયમ કરાવવા માટે નિયત સમયમર્યાદામાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારિત શાખામાં અથવા Online gatway થી ટોકન ફી જમા કરાવવી.
4. પ્રવેશ કાયમ કરાવ્યા બાદ બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતા હોય, **તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મળેલ સંસ્થા ખાતે રિપોર્ટીંગ કરવાની જરૂરિયાત નથી.**
5. જે વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતા ન હોય તો, વિદ્યાર્થીએ પ્રવેશ ફાળવાયેલ સંસ્થા ખાતે એનરોલમેન્ટ માટે "Information Letter", "Admission Slip", બેન્ક ચલણ તથા પ્રમાણપત્રોની નકલ સાથે હાજર થઈ શકશે. સંસ્થા ખાતે વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રો જમા કરવાના રહેશે નહીં. **જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગે જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીએ સંસ્થા ખાતે કોઈપણ પ્રકારની ફી ભરવાની રહેશે નહીં.**
6. **વધુ વિગત માટે www.jacpcldce.ac.in વેબસાઈટ જોવાની રહેશે.**

તા. ૧૪-૦૮-૨૦૧૭

— મેમ્બર સેક્રેટરી